સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

લાખો કથા સૂણે કટ્ટરતા છૂપતી નથી, બાપુ!
'અભિવ્ય સ્વાતંત્ર્ય' ની દાઢ ફૂટતી નથી, બાપુ!
ખૂલતી નથી જીવ-બ્રહ્મ-બ્રહ્માંડની દૃષ્ટિ, બાપુ!
મંડૂકોની કૂવા સાથે દોસ્તી તૂટતી નથી, બાપુ!
(વિશાળ જ્ઞાન-વાચન-માટે સમાજ હજી તૈયાર નથી! બાપુ!)

હાઈકુ

હોય છે ઝીરો !
યેનકેન પ્રકારે -
થાય છે હીરો !

પૂછે ન ભાવ!
તો ભોળા સમાજનો
પકડે ઝંડો !

ચિંતન

ભવન્તિ નરકાઃ પાપાત્ પાપં દારિદ્રયસંભવમ્ ।
દારિદ્રયમપ્રદાને ન તસ્માદ્ દાન પરો ભવેત ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

પાપને લીધે નરક પ્રાપ્તિ થાય છે. પાપ એ ગરીબાઈને લીધે થાય છે. ગરીબાઈ પૂર્વ જન્મમાં કોઈને કંઈ પણ દાન નહી આપવાથી થાય છે. માટે આ બધાં દુઃખોમાંથી મુક્ત થવા માટે માણસે દાન કરવાની વૃત્તિ રાખવી જોઈએ.

જીવનમાં દાન આપવાનું ખૂબ જ મહત્ત્વ છે ગરીબીમાં, સુખી લોકો સહાય રુપ બને તો ગરીબને તો રાહત મળે જ છે સાથે દાન આપનારના આત્માને પણ શાંતિ અને સંતોષ મળે છે, દાન કોઈ પણ ક્ષેત્રમાં આપવાથી પુણ્ય મળે છે જેનું પરિણામ બીજા ભવ-જન્મોમાં જરૂરથી પ્રાપ્ત થાય છે.

સુવિચાર

- જો રિશ્તે ગરહે હોતે હૈ, વો અપને પન કા શોર નહીં મચાતે - **મોહસીન 'જવાબ'**
- પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લેવાનું શક્ય છે, પણ ચિંતામાંતી નિવૃત્તિ લેવાનું ભારે મુશ્કેલ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દેહમાં જીવ હોય ત્યાં સુધી દયા નહીં છોડવાનું તુલસીદાસે કહ્યું છે, કેમ કે કરુણતા માણસાઈનો અર્ક છે - **ભૂપત વડોદરિયા**
- ધાર્મિક સંસ્થાઓએ હવે એ સમજવાની જરૂર છે કે માણસને જયાં પીડાતો - રીબાતો જુઓ ત્યાં તમારું મંદિર લઈ જાઓ - **આચાર્ય વિજયસાગર**
- વસીયતનામું તો ત્યારે જ લખાય, જયારે સીધો વારસદાર ન હોય, અથવા વારસદાર સીધો ન હોય - **આશિષ મકવાણા**
- મને પશુઓ ગમે છે, કારણ કે તેઓ ધર્મની ચર્ચા નથી કરતા - **વોલ્ટ વ્હીટમેન**
- આજનું ઔષધ : મીઠી લામડાના પાનને પાણીમાં વાટી તે પેસ્ટ દાઝ્યા પર લગાડવાથી ઠંડક થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કાલ્પનિક અને માર્મિક ચોટદાર વાત. મુલ્લા નસરુદ્દીનના મગજનું ઓપરેશન કરવા ડૉકટર નવી તરકીબ શોધી હતી. ડૉકટરે ઓપરેશન કરી બિમારી ઠીક કરવા માટે મગજ બહાર કાઢી લેતો હતો. ત્યારબાદ જ મગજનું રિપેરીંગ બાજુના રુમમાં લઈ જઈને કરી ફરી તે મગજ ખોપરીમાં ફીટ કરી દેવાનું હતું.

મુલ્લાનું ઓપરેશન શરૂ થયું. મગજ કાઢ્યું અને એ મગજ રીપેરીંગ કરવા બાજુના રૂમમાં લઈ જવામાં આવ્યું અને જોયું તો મુલ્લા ઓપરેશન થિયેટરમાં મગજ ફીટ કરવા આવ્યા અને જોયું તો મુલ્લા ઓપરેશન ટેબલ પર હતા જ નહીં. મુલ્લા ભાગી ગયો હતો અને છ-સાત મહીના પછી મુલ્લા ડોકટરને મળવા આવ્યો. ત્યારે ડૉકટરે આશ્ચર્ય સહિત પૂછ્યું, 'અરે મુલ્લા, આટલો બધો વખત તું કયાં હતો, કેવી રીતે જીવ્યો ? તારું મગજ તો મારી પાસે હતું !'

મુલ્લાએ કહ્યું, 'ડૉકટર સાહેબ! નમસ્કાર ! મગજ વિના મારા દિવસો મઝામાં ગયા. હું ચૂંટણી જીતી ગયો. દિલ્હીમાં હતો. અત્યારે ત્યાંથી જ આવી રહ્યો છું મને લાગે છે કે મગજની જરૂર નથી દિલ્હીમાં ! હું તમને એટલું જ કહેવા આવ્યો છું કે તમે મારી ચિંતા ના કરશો.'

મોરારિ બાપુનું અપમાન અસ્મિતાનું અપમાન છે

ગુજરાત અને ગુજરાતી ભાષાને ગુજરાત બહાર લોકપ્રિય બનાવવામાં મહાત્મા ગાંધી જેટલો જ ફાળો રામાયણી કથાકાર સંત મોરારી બાપુનો પણ છે. લોકો એમને 'બાપુ'ના હુલામણા નામે ઓળખે છે અને અન્ય કોઈ પણ ધર્મસંપ્રદાયના ટોચના ગુરુ જેટલી જ માન્યતા પણ આ સંસારી સાધુએ હાંસલ કરેલી છે. દેશવિદેશમાં રામચરિત માનસનું ગાન કરી એમણે ભારતના સાંસ્કૃતિક દૂત તરીકે મૂઠી ઊંચેરી પ્રતિષ્ઠા હાંસલ કરી છે. એમણે રામકથાને એક અલગ સ્તર પર પ્રસ્થાપિત કરીને જનમંગલના ઉદ્દેશ સાથે વિવિધ વિષયો પર સાર્થક વિચાર વિમર્શની 'ઓફ બીટ' રજૂઆત કરનારા ઉચ્ચ કક્ષાના વિચારક અને અભ્યાસુ સંત તરીકે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મેળવી છે. રામ એટલે માત્ર ભારતવર્ષના જ મહાનાયક નહીં, બલકે વિશ્વના કોઈ પણ ખૂણે વસતા અદના માનવીના હૃદયસ્વામી. એમણે શેખો પાસે 'રામચરિત માનસ'ની પૂજા - આરતી કરાવી છે, શેખાણીઓને માથે પોથી ઉપડાવી છે અને હિંદુ-મુસલમાન - ખ્રિસ્તી કે યહૂદી દરેકને મોઢે રામધૂન ગવડાવી છે. રામકથા કરતાં કરતાં એ કયારેક શેરોશાયરી અને ફિલ્મી ગીતોમાં આધ્યાત્મિક સંદર્ભો ખોજવા લાગે છે ત્યારે એમની આ મૌલિક સર્જનાત્મકતા સુજ્ઞ શ્રોતાગણને એક જુદા જ પરિવેશમાં મૂકી પરિતૃપ્ત કરતી રહી છે. કલાકારો, કથાકારો, નવલકથાકારો, કવિઓ અને જેમને તેઓ 'પૂજય ચરણ' કહી પ્રણામ પાઠવતા રહે છે એવા સંતો - મહંતો, દરેક ધર્મના ધર્મગુરુઓ એમની અસ્ખલિત વાણીના ધસમસતા પ્રવાહમાં તલ્લીન થઈ વિશિષ્ટ પ્રકારની આનંદછોળ અનુભવતા રહ્યા છે પરંતુ કયારેક બાપુને ઓચિંતો ઉમળકો ચડે છે ત્યારે એ જનસાધારણની પહોંચ બહારનું બોલી નાખે છે. હિંદુ ધર્માનુયાયીઓને 'અલી મૌલા'ની ધૂન ન પણ પચે-જચે, એવું એ વિચારી શકતા ન નથી કારણ કે એમણે તો ધર્મ-સંપ્રદાયની તથાકથિત લક્ષ્મણરેખાઓ ઓળંગીને રામને દુનિયા - આખીમાં ફેરવ્યા છે. ૨૦૧૭ની મિર્ઝાપુર (ઉત્તરપ્રદેશ) ની કથામાં વાત વાતમાં એમણે ભગવાન કૃષ્ણ પર હળવી ટિપ્પણી કરી દીધી હતી. ધર્મસંપ્રદાયના અર્થે અવતરવાની વાત કરનારા શ્રીકૃષ્ણ એમણે જાતે સ્થાપેલી દ્વારિકાપુરીમાં જ ધર્મના ધજાગરા ઊડતા જોઈ વ્યથિત થયેલા એ તો જાણીતી હકીકત છે. મહાભારત સહિત અનેક ધાર્મિક ગ્રંથોમાં શ્રીકૃષ્ણની એ પીડા અંકિત થયેલી છે.

તંત્રીસ્થાનેથી...

દ્વારિકાના યાદવોએ કૃષ્ણની વાતો કાને ધરી જ નહીં અને દારૂમાં છાટકા બની અંદરોઅંદર કપાઈ મૂવા, શ્રીકૃષ્ણના જયેષ્ઠ બંધુ બલરામ પણ સોમરસનું પાન કરતા, એ બધં મહાકાવ્ય અને પુરાણો ઉપરાંત એમના આધારે રચાયેલી આધુનિક સાહિત્યની કૃતિઓમાં પણ આલેખાયેલું છે. સામાન્ય પ્રજા આવા ગ્રંથો વાંચતી નથી અને જે મર્યાદિત વર્ગ વાંચે છે એની સમજણ એટલી વિકસેલી હોય છે કે કૃષ્ણની રાસલીલા, મહાભારતનાં કૂડપ્રપટ કે બલરામ અને યાદવોના સોમ સુરાપાન સામે વાંધો નથી હોતો. બાપુ સામે રીતસરનું આયોજનપૂર્વકનું ષડયંત્ર ચાલતું હોય એમ છેલ્લા કેટલાક સમયથી એમની સામે એક યા બીજા મુદ્દા ઊભા કરી વાંધાવચકા પડાતા રહ્યા છે. સહજભાવે, નિર્મળ હૃદયના સાધુને શોભે એવી વિનમ્રતાપૂર્વક બાપુએ આવા વાંધાઓ ઉઠાવનારાઓની સજળ નેત્રે ક્ષમાયાચના પણ કરી છે. આહિર સમાજની અગ્રણીઓએ દ્વારિકાધીશનાં ચરણોમાં શીશ નમાવી માફી માંગવાનું અલ્ટીમેટમ આપ્યું તે મુજબ મોરારિ બાપુએ જગતમંદિરે પહોંચી માફી પણ માગી. પરંતુ એ વખતે પત્રકારોની અને આગેવાનોની હાજરીમાં દ્વારકાના જવ વારંવાર ચૂંટાયા જનપ્રતિનિધિએ એમને તુંકારો કરી પડકાર્યા એ ઘણી જ કમનસીબ ઘટના છે. બાપુએ તો શિવની જેમ એ ઝેર કટોરો પી લીધો પરંતુ આવી વિભૂતિનું અપમાન એ ગુજરાતનું અપમાન ગણાવું જોઈએ.

જિસ ઈન્સાન કા મકસદ સિર્ફ નુકશાન હો...ઉસસે કીસી કા ફાયદા નહીં હો સકતા...

જિસ ઈન્સાન કા મકસદ સિર્ફ નુકશાન હો...ઉસસે કીસી કા ફાયદા નહીં હો સકતા...
- પંકજ કપૂર (મકબૂલ)

ઈ.સ. ૨૦૦૩માં વિશાળ ભારદ્વાજ નિર્દેશિત 'મકબૂલ' ફિલ્મ શેક્સપિયરનું પ્રખ્યાત નાટક 'મેકબેથ'નું સંપૂર્ણ બોલીવુડ દેશી વર્ઝન હતું... અને તેમાં દરેકનું કામ અફલાતુન હતું.... ઈરફાન ખાન, તબ્બુ અને પંકજ કપૂર ઉપરાંત ઓમપુરી અને નસીરુદ્દીન શાહ જેવા ધરખમ કલાકારો આ ફિલ્મનું જમાપાસુ હતું... આ ફિલ્મના સંવાદ પણ વિશાળ ભારદ્વાજે જ લખ્યા હતા.

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

જહાંગીર ખાનનું પાત્ર ભજવતો પંકજ કપૂર ઉપરનો સંવાદ બોલે છે... જે વ્યક્તિનો આશય કોઈનું બુરું કરવાનો અથવા તો નુકશાન કરવાનો જ હોય, તે વ્યક્તિની કોઈને ફાયદો થઈ શકતો નથી. નિયતનો કપટી અને ધૂર્ત વ્યક્તિ કયારેક કોઈનો હિતેચ્છુ બની શકતો નથી.

આવા જ અર્થસામ્યવાળુ એક સુભાષિત પંચતંત્રમાં મળી આવે છે.

ધાતયિતુમેવ નીચઃ પરકાર્ય વેત્તિ ન પ્રસાદયિતુમ્ ।
પાતયિતુમસ્તિ શક્તિર્વાયોર્વૃક્ષં ન ચોન્નમયિતુમ્ ॥
- પંચતંત્ર

- નીચ વ્યક્તિ બીજાનું કામ બગાડવાનું જ જાણે છે. સુધારવાનું કે સુશોભિત કરવાનું નથી જાણતો... વાયુની શક્તિ વૃક્ષને પાડવા માટે જ હોય છે, તેને વળી પાછું ઉઠાવવા માટે નહીં.

અખૂટ શક્તિના ધની વ્યક્તિ પણ નીચ (કપટ) મનસાવાળા જો હોય તો તેની અઢળખ શક્તિ માત્ર કાર્યને રંગદોળવા માટે જ થાય છે.

કેવી રીતે સજ્જનોનું કાર્ય ખોરંભે ચડાવવું અથવા તો બગાડવું તે જ નીચ વ્યક્તિનો મૂળ ઉદ્દેશ હોય છે.

પંચતંત્ર, મેકબેથ કે મકબૂલ સમય ભલે કયાં નો કયાં પહોંચી જાય આવા કપટી અને ધૂર્ત વ્યક્તિ ત્યારે પણ હતા અને અત્યારે પણ છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

'એક શામ, કવિઓકે નામ'નો કાવ્ય પઠન કાર્યક્રમ યોજાયો

'વૃત્ત સંચય'

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા, કોરોના વૈશ્વિક મહામારીના કહેરને કારણે, જૂન મહિનાની બેઠક વેબિનાર માધ્યમ દ્વારા,તા. ૧૪મી જૂનના રોજ યોજાઈ ગઈ. જેમાં 'પ્રિય પપ્પા... સાહિત્ય મહેફિલ'માં સૌપ્રથમ આશા સરવૈયા અને નેહલ ગઢવી દ્વારા પ્રાર્થના બાદ, ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા સૌનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત મુખ્ય આમંત્રિત કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ' દ્વારા કરવામાં આવી.સાહિત્ય સભાના સર્જકો સવ મહેન્દ્ર રાઠોડ, બાબુભાઈ નાયક, કોમલ તલાટી,ડૉ.પ્રવીણ વાટલિયા, મૂળજી પરમાર 'દધિ',અલ્કેશ પંડ્યા 'પ્રિન્સ', નિપુણ ચોકસી, જીગર રાણા,કલ્પેશ ચૌહાણ, સુમંત શાહ, ઈશ્વરલાલ જોશી, રણછોડ પરમાર, નટવર હેડાઉ, રેખા રાવલ, અજિતસિંહ ભટ્ટી, દીપક પંડ્યા,ડૉ.ગુલાબચંદ પટેલ, રમણ વાઘેલા,જનેશ સોની વિગેરે સર્વેએ પપ્પા પ્રત્યેની લાગણીઓ અને પ્રેમની અનુભૂતિ કરાવી હતી. વડોદરાથી તુષાર વૈષ્ણવ ખાસ જોડાયા હતા.આમંત્રિત કવિ ભાવેશ ભટ્ટે એમની બે રચનાઓ વિડિયો રેકોર્ડિંગથી મોકલી આપી હતી. આ 'પ્રિય પપ્પા... સાહિત્ય મહેફિલ'માં પપ્પા પ્રત્યેની લાગણીનો ધોધ વહ્યો હતો.આ કાર્યક્રમનું સુચારૂ સંચાલન નેહલ ગઢવી દ્વારા અને આભારવિધિ કવિ કિશોર જીકાદરા દ્વારા કરવામાં આવી હતી.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● તારીખ ૧૪મી જૂનના રોજ મહાત્મા ગાંધી સાહિત્યસેવા મંચ દ્વારા, 'મારો અવાજ ન્યુઝ ચેનલ, વડનગર' મારફત 'ચાલો શબ્દોથી ભિજાઈએ' અને તારીખ ૧૫મી જૂનના રોજ, 'લાઈવ એસવી ન્યુઝ ચેનલ-વિસનગર' મારફત 'એક શામ, કવિઓકે નામ' નો કાવ્ય પઠનનો કાર્યક્રમ, પંચના અધ્યક્ષ ગુલાબચંદ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ ગયો; જેમાં ૧૫ જેટલા કવિઓએ વર્ષાઋતુ, કોરોના દુર્દૈવ, પ્રેમ, માનવતા અને અન્ય સામાજિક વિષયે પોતાની રચનાઓ રજૂ કરી, ચાહકોનાં મન હરી લીધાં હતાં.

rasikvaland1965@gmail.com, Mo. 9913426949

સમ્મુખ : પ્રબુધ્ધ પાત્રો પાસે બેસવાનું ઉપલબ્ધ માધ્યમ

સારા પુસ્તકો અને સુયોગ્ય માનવીઓ સાથે સમય પસાર કરવાનું થાય તો તે ક્ષણો યાદગાર બની જતી હોય છે. પુસ્તકોમાંતો એક વિશેષ ફાયદો છે. આપણી અનુકૂળતા પ્રમાણે પુસ્તકો મેળવીને વાંચી શકાય છે. પુસ્તકોની દુનિયામાં રહેતા લોકોના જીવનમાં એક સ્વસ્થ અને વિધેયાત્મક અભિગમ કેળવાતો હશે તેમ લાગે છે. ભાવનગર મિલાપના સ્ટોરમાં ક્યારેક મહેન્દ્રભાઈ મેઘાણીને ફરતા અને પુસ્તકો ઉથલાવતા જોયા છે. જોઈને અહોભાવ થયો છે. મહેન્દ્રભાઈએ પણ કેટલું બધું વાચન સાહિત્ય નિસ્પૃહ ભાવે તૈયાર કરીને કિફાયત કિમ્મતે ઘેર ઘેર પહોંચાડવાનો આયામ હાથ ધર્યો તે વાત અજાણી નથી. યુવાન પેઢી ઈન્ટરનેટ કે ઈલેકટ્રોનિક માધ્યમથી પણ પુસ્તકો સાથે દોસ્તી કરે તો વધાવી લેવા જેવી બાબત છે. ઘાયલ સાહેબ કહેતા તેમ પુસ્તકો હાથમાં હોય તો બીજું શું જોઈએ ?

આશરો છે, પુસ્તકો છે, ખાટ છે,
આપણે બોલો બીજું શું જોઈએ ?

પુસ્તકો તો આપણે મેળવી શકીએ અને વાંચવાનો આનંદ મન ભરીને માણી શકીએ. પરંતુ મળવા જેવા અથવા મળવા ગમે તેવા લોકોને મળવાનું દરેક માટે સુલભ થતું નથી. ઉદાહરણ તરીકે નારાયણ દેસાઈ કે હસમુખ શાહ જેવા લોકોને મળવાની ઈચ્છા હોય તો પણ એક અથવા બીજા કારણે તે શક્ય બનતું નથી. આ જે મર્યાદા છે તેના ઉકેલ માટે એક માર્ગ ઉપયોગી લાગે છે. કોઈ પાત્રતા ધરાવતા વ્યક્તિએ આવા દિગ્ગજ માનવીઓની મુલાકાત લીધી હોય તો તેનું વિવરણ મહદ અંશે તે વ્યક્તિને મળવાની ગરજ સારી શકે છે. આથી ડૉ. શરીફાબેન વીજળીવાળાએ 'સમ્મુખ' પુસ્તકમાં (ગૂર્જર પ્રકાશન) કેટલાક મળવા ગમે તેવા મહાનુભાવોની મુલાકાત લઈને સંવાદ કરી તેનું દસ્તાવેજીકરણ કરેલું છે તેમાંથી પસાર થતાં પારાવાર પ્રસન્નતાનો અનુભવ થાય છે. શરીફાબહેન પુસ્તકના પ્રારંભે લખે છે કે 'જો આપણાં સર્જકો, વિદ્વાનો રાજીથાય તો તેમના અંતરમનની વાતો વાચકો સુધી લઈ જવી.' આ કામ શરીફાબહેને ઉત્તમ પ્રકારે કર્યું છે તેવું મારું મંતવ્ય છે. અત્યારે જે રીતે પ્રિન્ટ મીડીયા કે ઈલેકટ્રીનીક મીડીયામાં મુલાકાતો લેવાય છે તેના પ્રમાણમાં શરીફાબેનની શૈલિ જુદી તથા વિશેષ રોચક છે. ચીલાચાલુ પ્રશ્નો તથા તેના બીબાઢાળ જવાબોને બદલે આ 'નિરાંત જીવે થયેલી વાતોમાં વિદ્વાનોએ પોતાનું અંતર ઠાલવ્યું છે.'

દરેક મુલાકાતની વાતો માણવા જેવી છે. આ બધામાંથી પસાર થવું તે ગમે તેવું છે. આમછતાં હસમુખભાઈ શાહની મુલાકાત તરફ વિશેષ ધ્યાન ગયું. હસમુખભાઈ શાહ જાહેર વહીવટ સાથે સંકળાયેલા પ્રબુધ્ધજન એટલે તેમના તરફ વિશેષ આકર્ષણ પણ ખરું. 'દીઠું મેં' વાંચ્યા પછી આવું આકર્ષણ વધ્યું હતું. આથી આ પુસ્તકમાં તેમની સાથેનો સંવાદ વાંચવો એ એક સારી તક મળ્યાની પ્રતિતિ થઈ. નિવૃત્ત થયેલા અથવા સરકારી સેવા પૂરી કરીને હસમુખભાઈ જેવા કેટલાક લોકો અન્ય સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓમાં પોતાના સુદીર્ઘ અનુભવનો લાભ આપતા હોય છે. પરંતુ બહુ ઓછા અધિકારીઓ પોતાના વિશાળ તેમજ રસપ્રદ અનુભવો લખતા હોય છે.

સુરેન્દ્રનગર જિલ્લાના બજાણા જેવા સ્થળની નાની-મોટી વિગતો એકઠી કરીને હસમુખભાઈએ આત્મકથાના તાણાંવાણાં ગૂંથ્યા છે. માહિતી ચોક્કસ અને હેતુલક્ષી હોય તેવા પ્રયાસો પણ હસમુખભાઈએ પૂરતી મહેનત લઈને કર્યા છે. મહત્વની વાત એ છે કે કેટલીક તે સમયની ઉપયોગી માહિતી જે તેમને સ્થાનિકે ન મળી તે તેમને બ્રિટિશ લાઈબ્રેરીમાંથી મળી છે. આ સંદર્ભ આપીને હસમુખભાઈ જે કહે છે તે આપણે સૌએ વિચારવા જેવી વાત છે. તેઓ કહે છે : ''આપણે ઈતિહાસની પરવા ન કરનારી, દસ્તાવેજીકરણમાં ન માનનારી પ્રજા છીએ.'' હસમુખભાઈની આ વાત પરથી ખ્યાલ આવે છે કે આપણે ઘણાં

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કિસ્સાઓમાં મૌખિક તથા મનઘડંત વાતો કરીએ છીએ. આપણાં ગમા – અણગમા ઉમેરીને વાતો કરવાનું પણ જાણે આપણને ફાવી ગયું છે. એકલા હાથે બરડા (જામનગર) કે કચ્છની વનસ્પતિનું સંશોધન કરીને મહત્તમ વિગતો જગત સામે રજૂ કરનાર જયકૃષ્ણ ઈન્દ્રજી જેવા વનસ્પતિશાસ્ત્રી કપરા સમયમાં પણ મોટું કામ કરી ગયા.

લોકો તેમજ સામાજિક કે રાજકીય નેતાઓ વચ્ચે વધી ગયેલું અંતર એ એક મહત્વનો મુદ્દો છે કે જેની વાત હસમુખભાઈએ કરી છે. તેઓ કહે છે કે ટોચના હોદ્દેદારો પણ પહેલા સામાન્ય લોકોને મળી શકતા. જેમની સત્તા એકહથ્થુ તથા સુવાંગ હતી તેવા રાજવીઓમાં પણ કેટલાક નામધન્ય રાજાઓ કે મોટા ગજાના વહીવટકર્તાઓ સમક્ષ લોકો છૂટથી જઈ શકતા અને પોતાની વ્યથાની વાત પણ કરી શકતા હતા. ભાવનગરના રાજવી કૃષ્ણકુમારસિંહજી કે ગોંડલના રાજવી ભગવતસિંહજી તેના ઉજળા ઉદાહરણો છે. હસમુખભાઈ આ સંદર્ભમાં મહાત્મા ગાંધીનું ઉદાહરણ આપે છે. પંડિત જવાહરલાલ નહેરુ તેમજ મોરારજીભાઈનો પણ વિશેષ લોકસંપર્ક તેમજ પત્રવ્યવહાર અનેક લોકો સાથે થતો હતો. સલામતીના પ્રશ્નો ઊભા થયા પછી જોકે આ પરિણામો બદલાયા છે. છતાં લોકસંપર્ક એ શાસક માટે અનિવાર્ય છે.

દસથી બાર પ્રબુધ્ધ લોકો સાથે પરોક્ષ રીતે વાત કરવાની તક શરીફાબહેને એક સર્જક તેમજ વિચારકને છાજે તેવી રીતે આપણાં માટે ઉપલબ્ધ કરાવી છે. સાહિત્યનો આવો પ્રકાર સામાન્ય માણસને પણ સુવાચ્ય બને છે.

ગાંધીની કેળવણીના પાયામાં સાદામાં સાદુ માનવ બાળક

કોરોના મહામારીના અત્યારના સમયમાં શિક્ષણ ક્ષેત્રનો સૌથી વધુ ચર્ચા તો મુદ્દો હોય તો તે છે 'ઓનલાઈન એજ્યુકેશન'નો. એક તરફ બહુ મોટો વિરોધ વાલીઓ દ્વારા એની સોમ છે, પણ ખાનગી ખૂણે એ જ વાલીઓ પાસે બીજો કોઈ વિકલ્પ નથી. જો બાળકને ઘરે જ રહેવાનું હોય, શાળા-કૉલેજમાં અભ્યાસ અર્થે જવાનું ના હોય ત્યારે બીજા કોઈ હાથવગામાં શિક્ષણ પ્રયોગો આપણી પાસે લગભગ નથી. કારણ કે આપણે શિક્ષણ વ્યવસ્થામાં ગાંધી કેળવણીની જે વાત હતી તે દાખલ કરી નથી.

આજે આપણી પાસે જે બાળકને ભણાવવો જ હોય તો 'ઓનલાઈન' શિક્ષણ સિવાયનો કોઈ વિકલ્પ છે ખરો ? એ વિચારવું જોઈએ. લગભગ નથી જ. એટલે જ જે બાળકોને આપણે મોબાઈલ, ટીવી, ઈન્ટરનેથી દૂર રાખતા હતા તેમને સામેથી આ ઉપકરણોના વપરાશની છૂટ આપવી પડે છે. અલબત્ત અહીં ઓનલાઈન શિક્ષણ એ સારી વ્યવસ્થા એવું કહેવાનો આશય હરગિજ નથી કારણ કે, ચોક, ડસ્ટર અને ગ્રીન/બ્લેક બોર્ડની શિક્ષણ અને વિદ્યાર્થીની દુનિયામાં જે શિક્ષણ મળે છે એ ઓનલાઈન શિક્ષણમાં શક્ય નથી. શાળા એ તો બાળકના સામાજિક ઘડતરનું બહું મોટું કેન્દ્ર છે અને માત્ર સીધા શિક્ષણ સિવાય બાળક ઘણું બધું આડકતરું શીખે છે કે કોઈ પણ રીતે તેને શીખવડાવું આટલું સહેલું નથી. ટૂંકમાં શાળા એ શિક્ષણ વિદ્યાર્થીના સામાજિકીકરણું શ્રેષ્ઠ પગથિયું છે. એટલે ઓનલાઈન શિક્ષણ એ આવી પડેલી સ્થિતિમાં એક વિકલ્પ છે. પરંતુ એ કયારેય શાળેય શિક્ષણનું સ્થાન લઈ શકે નહીં. આ તો એક વૈકલ્પિક અને તદ્દન કામચલાઉ વ્યવસ્થા બજારવાદે ઊભી કરી છે. સીધા શિક્ષણનું સ્થાન કયારેય ઓનલાઈન શિક્ષણ કઈ રીતે લઈ શકે નહીં.

પરંતુ બીજી તરફ આપણે એ વિચારવું રહ્યું કે શાળઓ અને ટ્યુશન કલાસીસ દ્વારા આ નવો અખતરો શરૂ થયો એમાં એક વાલી કે સમાજે નવી વ્યવસ્થા સામે વિરોધ કર્યો છે. આ તો વચગાળાની વ્યવસ્થા છે, એની સામે વિરોધ છે. વિરોધ થવો જોઈએ. જો શિક્ષણ વ્યવસ્થામાં કોઈ નવી તહેરથી બાળકના શિક્ષણમાં કચાશ રહી જાય એવી ભીતિ હોય તો કચવાટ થવો જ જોઈએ. પણ માત્ર એનો જ નહીં, સમગ્ર વ્યવસ્થાનો પણ

ઓનલાઈન શિક્ષણના વિરોધ સાથે જીવન શિક્ષણની માગણી આવશ્યક ખરી ?

થવો જોઈએ. કદાચ અત્યારનો સમય વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવવા માટે સહાયક નીવડે.

ખરેખર તો આઝાદી પછી આપણે જેમ પરદેશી સિવિલિયન્સ અને પોલીસ સોલ્જર્સને વિદાય કર્યા હતા તેમ શિક્ષણ અંગે સલાહ આપતા પરદેશી વિચારોને પણ તિલાંજલિ આપવા જેવી હતી. પણ એ ન થયું. રાષ્ટ્રની શિક્ષણપ્રથા રચવાનું કામ પારકીમાં પાસે કાન વીંધાવવાનું નથી. રાષ્ટ્રનું શિક્ષણ એ તો રાષ્ટ્રનો આત્મા ઘડતી તાકાત છે. એ મૂળ મુદ્દો વિસરાય ગયો. ખરેખર તો ૧૯૩૭-૩૮માં ગાંધીજીએ વર્ધા યોજના જાહેર કરી હતી તે અંગે વિચારવા જેવું છે. ગાંધીજી આ શિક્ષણ યોજના ઉપર દેશભરમાં તેમના અન્ય કાર્યક્રમો જેમ ચલાવી શક્યા ન હતા. કારણ કે ૧૯૪૦ની આસપાસનાં આગળના વર્ષો અને પછીના વર્ષો તેમણે આઝાદી આંદોલનમાં વધુ રત રહ્યા એ કારણ હતું. પરંતુ મહાત્મા ગાંધીએ જે યોજનાની વાત રજૂ કરી હતી તે યોજના કેવળ શિક્ષણ પદ્ધતિ જ નથી; કે અમુક પ્રકારનો અભ્યાસક્રમ નથી. તે તો સમાજના શિક્ષણ સાથે સર્વોદયની દૃષ્ટિ અને સર્વાંગી વિકાસ અર્થે શું કરવું જોઈએ એની ભૂમિકા બાંધણી છે. જગતમાં શિક્ષણની નવી દૃષ્ટિ જનમે છે તે આવી વિચારસરણીમાંથી જન્મતી હોય છે. આપણા પ્રાચીન ઋષિઓ, અર્વાચીન રુસો, ફ્રોબેલ, પેસ્ટેલાજી, કે મોન્ટેસોરી વગેરેના વિચારો નવદર્શનના વિચારો છે, તેમ જ ગાંધીના વિચારો હતા. પણ એનું નવનીત એ હતું કે એમાં ભારતીય સમાજજીવનનો પડઘો ઝીલાય છે. ગાંધીના આ વિચારને આચાર્ય કૃપલાણીજી સરસ સમજાવે છે. 'જીવન એ રમત નથી. છતાં એ પણ ખેલથી, હળવાશથી છતાં જવાબદારીભરી સાધના તરીકે જીવવાનું છે. નાનો કે મોટો કોઈ એમાંથી બહાર નથી. નાનો નાનાથી રીતે અને મોટો મોટાની રીતે ભલે એમાં હોય; - પણ જીવન બહાર કોઈ નથી.'

જગતના વિવિધ વાદોને વર્ગના આધારે પ્રાધન્ય મળે છે. જેમ કે મજૂર-વાદ કે સામ્યવાદ, મૂડી-ઉદય-વાદ, ફાંસીવાદ વગેરે... એમ જો ગાંધીના વિચારની વાત કરીએ તો એ સર્વોદયનો સિદ્ધાંત છે. એમના શિક્ષણના વિચારમાં જીવનના પાયાના પરસ્પર પ્રેમ-મહેનત, મજૂરી અને પુરુષાર્થ છે.

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

તેની નીતિગત બાબત સર્વ વચ્ચે સુમેળ અને સહકાર છે. જેમાંથી સારી ટેવો અને સદ્ગુણો વિકસે. તેમાં નાગરિક બાજુ એટલે સમૂહ જીવન. અને આ બધા થકી સમાજમાં પોતાના કાર્ય અને સ્વધર્મનું પાલનની આધ્યાત્મિક નીપજ જન્મે છે.

ગાંધી શિક્ષણના પાયામાં, સાદામાં સાદુ માનવ બાળક કલ્પે છે. પશ્ચિમના યંત્રવાદ અને મજૂર શોષક સમાજમાં બાળકોનો કોઈ વિચાર જ નહતો ત્યારે ગાંધી બાળકને કેન્દ્રમાં રાખી કેળવણીનો વિચાર રજૂ કરે છે. ગાંધીની કલ્પના કોઈ પણ પ્રજાના, કોઈ વર્ગ કે રંગના, સુધારાના કોઈ દેશના બાળકને લાગુ પડે એવી માનવ-વ્યાપી હતી. ગાંધી કહેતા કે સાચું અને એકમાત્ર શિક્ષણ બળ જીવન પોતે છે, કેમ કે જીવન બહાર છે તે નિર્જીવ છે, અથવા દંભ છે. જેનાથી સાચું શિક્ષણ કે ખરી કેળવણી કદી ન સાધી શકાય. જીવનનું સામાન્યમાં સામાન્ય પ્રતીક જીવનધારક ઉદ્યમ છે. આ ઉદ્યમને પોષતી ક્રિયા દરેક સમાજમાં ચાલે છે. તેના દ્વારા સમાજ નભે છે. આથી કેળવણીનું કાર્ય પણ ઉદ્યમથી નભી શકે. યંત્રોથી ચાલતો ઉદ્યોગ પણ સમાજનું મૂળ ધારણ બળ છે. સુધરેલા સમાજોએ પણ ઉદ્યોગો દ્વારા જ જ્ઞાન વિજ્ઞાન ખીલવ્યા છે.એટલે બાળકની કેળવણી ઉદ્યોગ અને જીવનની જરૂરી ક્રિયાઓ સમાજભેર કરવા - કરાવવા દ્વારા જો સાધવામાં આવે તો તેની આસપાસ જરૂરી બધી આવડતો અને અક્ષરજ્ઞાન આપોઆપ આવી જાય. આઝાદી બાદ આપણું રાષ્ટ્ર પોતાના સ્વત્વને પામે એ વિચારે ગાંધીને વર્ધા યોજનાનો વિચાર આવ્યો હતો. આ વિચારમાં હિંદી રાષ્ટ્ર ફરી કયારેય ગુલામ ન બને એવો વિચાર પણ જરૂર હશે એમ ચોક્કસ કહી શકાય. પણ આપણે આઝાદી પછી ગાંધી વિચારોને હાંસિયામાં ધકેલી દીધા એથી જ સીધેસીધી નહીં પરંતુ આડકતરી ગુલામી વેઠી રહ્યા હોય એવું નથી લાગતું ? - ઓનલાઈન શિક્ષણ જેમ કુમળા બાળકોની સાચી સમજમાં અવરોધ સર્જશે એવો ભય વ્યક્ત કરીએ છીએ ત્યારે આપણે જીવન શિક્ષણની ખરી કેળવણી - ગાંધી કેળવણીને પણ અપનાવવા જેવી લાગે છે.